ગ્રાન્ટ વિના

ક્રમાંક:મઉમશબ/શા.નિ./NCA/જુન- 25/13195
ગુજરાત મા. અને ઉ.મા. શિ. બોર્ડ,
સે. ૧૦/બી,જુના સચિવાલય પાસે, ગાંધીનગર,
તા. 19-07-2025

પ્રતિ,
પ્રમુખ,
SHREE SATYAKEVALAM EDUCATIONAL AND CHARITABLE TRUST
21-SWARVILLA, SRUSHTI BUNGLOWS, SHASHTRI ROAD, BARDOLI
DHAMDOD LUMBHA - 394355
Ta: BARDOLI Dist: SURAT

**ઓનલાઈન અરજી ક્રમાંક : GSEB/NC/H/07/25/0848**

**વિષય:** જુન- 2025થી ધો 11 માં વર્ગ વધારાની મંજૂરી આપવા બાબત

**પ્રવાહ:** General **માધ્યમ :** English

**શાળાનું નામ:** **SBR SCIENCE SCHOOL**

DHAMDOD LUMBHA,BARDOLI

**સંદર્ભ** ૧.આપની તા. 02/07/2025 ની ઓનલાઇન અરજી ક્રમાંક: GSEB/NC/H/07/25/0848
૨.બોર્ડનો તા.૨૩/૧૧/૨૦૧૦નો પત્ર ક્રમાંક: મઉમશબ/ગ/ટે.૧/ ૧૦૨૯૭/૩૨૩
૩.વિભાગના ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૧૪/૧૮૨/છ. સચિવાલય, ગાંધીનગર,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સંદર્ભ દર્શિત પત્ર-૧ની અરજી આપના ટ્રસ્ટ સંચાલિત **SBR SCIENCE SCHOOL** શાળામાં જુન- **2025**થી ધો-**11**, પ્રવાહ-**General**,માધ્યમ **English** નો વર્ગ વધારા તરીકે 1 વર્ગ આથી મંજુર કરવામાં આવે છે.

આપના દ્વારા કરવામાં આવેલ સંદર્ભ-૧ અરજીમાં દર્શાવેલ વિગતો અને માહિતીના આધારે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ-૧૦(૧)ને ધ્યાનમાં રાખી ધો. 11 ના, પ્રવાહ- **General**માં વર્ગ વધારા તરીકે **1** વર્ગ મંજુર કરવામાં આવે છે. હવે વર્ગની સ્થિતિ નીચે મુજબ રહેશે

| ધોરણ | માધ્યમ | પ્રવાહ | હાલના વર્ગો | મંજૂર વર્ગો | કુલ વર્ગો |
|---|---|---|---|---|---|
| 11 | English | General | 0 | 1 | 1 |

ઓનલાઇન અરજીમાં દર્શાવેલ વિગતો નોંધણીપત્રની વિગતો અને એફિડેવીટમાં દર્શાવેલ વિગતોની માહિતી સાચી છે. તેમ માની વર્ગવધારો મંજૂર કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે. આ વિગતો અથવા આધારો ખોટા છે તેમ સાબિત થશે તો તે અંગેની તમામ જવાબદારી શાળામંડળની રહેશે અને તેના માટે શાળા સામે નોંધણી રદ સહિતના પગલા લેવામાં આવશે જેની ખાસ નોંધ લેવા જણાવવામાં આવે છે.

આ સાથે નીચેની શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

**શરતો:-**

(૧) શાળાના મકાનમાં નિયમ પ્રમાણે ક્ષેત્રફળવાળા તથા પૂરતા હવા ઉજાસવાળા વર્ગખંડની તેમજ આરોગ્ય વિષયક સગવડોની પૂરતી જોગવાઈ હોવી જોઈએ.

(૨) આ વર્ગ વધારાને લીધે વિષયોની જરૂરિયાત પ્રમાણેના નિયમાનુસાર વિનિયમ-૨૦ માં સુચવેલ લાયકાતવાળા શિક્ષકોની નિમણૂંક સત્વરે કરવાની રહેશે. પત્ર મળ્યેથી દિન-૬૦ માં કરી દેવાની રહેશે.

(૩) વર્ગ વધારા/ક્રમિક વર્ગ અન્વયે પ્રયોગશાળા ખંડ, વિજ્ઞાનના સાધનો અન્ય શૈક્ષણિક સાધનો તથા ફર્નિચર પૂરતા પ્રમાણમાં વસાવવાના રહેશે.

(૪) શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ માટે નિયત અભ્યાસક્રમ પ્રમાણે પૂરક વાચનના જરુરી અને ઉપયોગી પુસ્તકોની ખરીદી કરી શાળાનું ગ્રંથાલય સમૃદ્ધ બનાવવાનું રહેશે.

(૫) સ્થાનિક અથવા આજુબાજુની માધ્યમિક શાળાઓ સાથે સંખ્યા માટે બિન તંદુરસ્ત હરીફાઈ થાય નહીં તેની તકેદારી રાખવાની રહેશે.

(૬) સરકારશ્રીના તા.૧૭/૭/૯૩ ના પત્ર ક્રમાંક: બમશ/૧૦૯૩/૧૩૨૨/છ અને શિક્ષણ વિભાગના તા.૨૧/૭/૯૩ ના પત્ર ક્રમાંક:બમશ/૧૨૯૩/૧૩૨૨/છ માં તથા તા.૧/૭/૧૧ ની સરકારશ્રીના સ્વનિર્ભર શાળાઓની નીતીમાં જણાવેલ શરતોનું પાલન કરવાનું રહેશે.



Scanned with OKEN Scanner

(૭) આ મંજૂરી મકાન બાંધકામ અને શાળાના રમત-ગમતના મેદાન અંગેની તમામ મંજુરીઓ મેળવેલ હોવાની શરતે આપવામાં આવે છે. આથી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ આ અંગેની ખાતરી કરી લેવાની રહેશે. અગાઉ મેદાન દર્શાવેલ જગ્યામાં બાંધકામ કરવામાં આવે તો નિયમાનુસાર રાખવાના થતાં મેદાનનું માપ ઓછું થવું ન જોઈએ.

(૮) ગુજરાત રાજ્ય બહારની યુનિવર્સિટી/સંસ્થામાંથી પ્રમાણપત્રો/આધારો મેળવેલ હોય તો સ્ટાફના સભ્યોના પ્રમાણપત્રો/આધારોની ખરાઈ શાળા મંડળે જે તે યુનિવર્સિટી /સંસ્થામાં રૂબરૂ જઈ કરાવી લેવાની રહેશે.

(૯) સંસ્થાએ/સંચાલક મંડળે ફાયર સેફ્ટી સહિતની સલામતી અંગેની તમામ વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૦) નામ.સુપ્રિમ કોર્ટ ઓફ ઈંડિયામાં થયેલ સીવીલ પીટીશન નં.૪૮૩/૨૦૦૪ માં આપેલ ચૂકાદા મુજબ શાળાનું મકાન તમામ બાબતમાં સલામત હોવું જોઈશે અને નેશનલ બિલ્ડીંગ કોડ ઓફ ઈંડીયાએ નક્કી કરેલ સલામતીનાં નોર્મ્સ મુજબનું હોવું જોઈશે. તેમજ શાળાનું મકાન આજુબાજુમાં આગ લાગે અથવા વિસ્ફોટ થાય તેવા યુનિટ/પદાર્થોથી સલામત હોવું જોઈશે.

(૧૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ -૧૯૭૨ અને તે હેઠળ રચાયેલ વિનિયમો, નિયમો અને સુચનાઓનું પાલન શાળામંડળ નિયમાનુસાર કરે છે તેની ખાતરી કરાવવાની જવાબદારી શાળામંડળની રહેશે.

(૧૨) સદર માંગણી કરેલ ક્રમિક વર્ગ / વધારાના વર્ગ જે માધ્યમના માંગેલ છે તે માધ્યમના તે ધોરણના અનુદાનિત વર્ગો માંગણી કરેલ સ્થળે ચાલતા હશે તો સદર સ્વનિર્ભરવર્ગોની મંજૂરી આપોઆપ રદ ગણાશે.

(૧૩) કોઈ પણ સંસ્થા એક જ માધ્યમના એક જ ધોરણના ૬ કરતા વધુ વર્ગો કોઈ પણ સંજોગોમાં ચલાવી શકશે નહીં.

(૧૪) આપની સંસ્થામાં નિમણૂક પામેલ શિક્ષકો સુપરવિઝન, પરીક્ષણ કાર્ય માટે હુકમ મળ્યેથી મુક્ત કરવાના રહેશે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં છુટા કરી શકાશે નહીં.

(૧૫) નોન ગ્રાન્ટેડ શાળામાં, ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો, મુલાકાતી શિક્ષકો, ટ્યુશન ક્લાસીસન શિક્ષકોને શૈક્ષણિક કામગીરીમાં રોકી શકાશે નહીં.

(૧૬) ડે સ્કુલ તરીકે શાળા ચલાવી શકાશે નહીં.

(૧૭) શાળાના મંજુર થયેલ વર્ગોમાં ૬૦ ના રેશીયામાં વિદ્યાર્થીઓ હશે તો જ વર્ગ મંજુર થયેલ ગણાશે. ૬૦ કરતા વધુ વિદ્યાર્થીઓને કોઈ એક વર્ગમાં પ્રવેશ આપી શકાશે નહીં.

(૧૮) આપની શાળાની નોંધણી કરતી વખતે બોર્ડ નક્કી કરેલ તમામ શરતોનું પાલન કરવાનું રહેશે.

(૧૯) CCTV કેમેરાની રેકોર્ડીંગ સાથેની સુવિધા ઉપલબ્ધ હોવી જોઈશે અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને તે બદલની ખાતરી આપવાની રહેશે.

**વર્ગ વધારાનો અરજી નંબર:- GSEB/NC/H/07/25/0848**

(આર.આર.વ્યાસ)
સચિવ
ગુજરાત માધ્યમિક અન
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

**નકલ રવાના:**

૧.જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી **SURAT** તરફ જાણ તથા શાળાના વાર્ષિક નિરીક્ષણ વખતે શાળાએ ઉપર જણાવેલ એફીડેવીટની શરતોનું પાલન કર્યું છે કે કેમ તેની ખાતરી કરી બોર્ડને ઘટતો અહેવાલ મોકલવા સારુ.

૨.આચાર્યશ્રી,

SBR SCIENCE SCHOOL
DHAMDOD LUMBHA,BARDOLI SURAT - 394355

3.નાયબ નિયામકશ્રી (પરીક્ષા),ગુ.મા.અને ઉ.મા શિ.બોર્ડ ગાંધીનગર

૪.સિલેકટ ફાઇલ



Scanned with OKEN Scanner